1. ધ્યાનનો આધાર કોના પર છે ?

➢ ધ્યાનનો આધાર પસંદગીયુક્ત ઉદ્દીપકો પ્રત્યેની એકાગ્રતા પર છે.

2. પ્રત્યક્ષીકરણમાં સામૂહિકરણ ના નિયમો મનોવિજ્ઞાનના કયા સંપ્રદાયે આપ્યા છે ?

➢ પ્રત્યયીકરણમાં સામૂહિકરણ ના નિયમો મનોવિજ્ઞાનના સમષ્ટિવાદી સંપ્રદાયે આપ્યા છે.

3. કડવો સ્વાદ જીભના કયા ભાગથી પારખી શકાય છે ?

➢ સ્થળ અને કાળની દષ્ટિએ પરસ્પર નજીક ગોઠવાયેલા ઉદ્દીપકો સંગઠિત થઈને ચોક્કસ આકાર ઉપસાવે છે, જેને એક એકમ સ્વરૂપે આપણે અર્થઘટિત કરીએ છીએ. આને સંગઠનમાં સમીપતા કહે છે.

4. અભિરુચિ માટે મેક્ડુગલે કયા શબ્દનો પ્રયોગ કર્યો છે ?

➢ અભિરુચિ માટે મેકડૂગલે અપ્રગટ ધ્યાન શબ્દનો પ્રયોગ કર્યો  છે.

5. મધ્યકર્ણનાં અસ્થિઓનાં નામ આપો.

➢ મધ્યકર્ણનાં ત્રણ અસ્થિઓ છે :
   - ✓ (1) હથોડી,
   - ✓ (2) એરણ અને
   - ✓ (3) પેંગડું.

6. વ્યક્તિના શ્રવણ સંવેદનની સીમા જણાવો ?

➢ વ્યક્તિના શ્રવણ સંવેદનની સીમા 20થી 20,000 હઝ સુધીની કંપન સંખ્યા છે.

7. ઊંડાણના પ્રત્યક્ષીકરણ માટે જવાબદાર સંકેતોનાં નામ આપો ?

➢ ઊંડાણના પ્રત્યક્ષીકરણ માટે જવાબદાર સંકેતો આ પ્રમાણે છે :
   - ✓ (1) અનેત્રીય સંત,
   - ✓ (2) એકનેત્રીય સંકેત અને
   - ✓ (3) દ્વિનેત્રીય સંકેત.

8. દષ્ટિ સંવેદનમાં “નેત્રપટીય વિષમતા” કયા કારણથી સર્જાય છે?

➢ ડાબી આંખને દષ્ટિક્ષેત્રમાં રહેલ પદાર્થનો ડાબો વિસ્તાર થોડો વધારે દેખાય છે. તે જ રીતે જમણી આંખને પદાર્થનો જમણો વિસ્તાર થોડો વધારે દેખાય છે. આ કારણથી દષ્ટિ સંવેદનમાં નેત્રપટીય વિષમતા’ સર્જાય છે.

9. માનવત્વચામાં ઠંડી, ગરમી જેવાં સંવેદનો શા કારણે થાય છે?

➢ ત્વચા પર પથરાયેલા જુદા જુદા સાંવેદનિક કોષો ઉત્તેજાવાથી માનવત્વચામાં ઠંડી, ગરમી જેવાં સંવેદનો થાય છે.

10. સંવેદન ગ્રાહકોના કેટલા વર્ગ છે? કયા કયા?

➢ [સિંવેદન ગ્રાહકોના ત્રણ વર્ગ છે :

- ✓ (1) બાહ્ય સંવેદન ગ્રાહકો,
- ✓ (2) શરીર સંવેદન ગ્રાહકો અને
- ✓ (3) આંતર સંવેદન ગ્રાહકા

11. સંવેદનના મુખ્ય પાંચ પ્રકાર છે :
   - ➢ (1)દષ્ટિ સંવેદન,
   - ➢ (2) શ્રવણ સંવેદન,
   - ➢ (3) ગંધ સંવેદન,
   - ➢ (4) સ્વાદ સંવેદન અને
   - ➢ (5) સ્પર્શ (ત્વચા) સંવેદન.

12. બાહ્ય કર્ણમાં કોનો સમાવેશ થાય છે?

- ➢ બાહ્ય કર્ણમાં કાનની બૂટ (કર્ણપાલી), કાર્ણનલિકા અને કર્ણપટેલ (કર્ણઢોલ)નો સમાવેશ થાય છે.